# મે.ખેરાલુના એડી.ચીફ જયુડી.મેજી.શ્રી આર.વી.સોની સાહેબશ્રીની કોર્ટમાં, મુ. ખેરાલુ

**ક્રિમીનલ કેસ નંબર :૯૮/૨૦૨૬**

**આંક :–**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :–** ઠાકોર લક્ષ્મીબેન દિવાનજી, રહે. ગાજીપુર, તા. ખેરાલુ, જી. મહેસાણા

**ગુનો :–** ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ (હવે પછીથી ''એકટ'' તરીકે ઉલ્લેખ કરેલ છે) ની કલમ–૬૬ (૧)(બી), ૮૫ અન્વયે

૧. ફરીયાદપક્ષના કેસની હકીકત પ્રમાણે આરોપી આ અદાલતની હકુમતમા કેફી પીણુ પીધેલ હાલતમા મળી આવેલ છે. આ કામે આરોપી સામે ચાર્જશીટ તપાસ કરનાર એજન્સી એ દાખલ કરેલ છે. જે કેસમા આરોપી હાજર થયેલ છે અને આરોપીને પોલીસ પેપર્સની નકલ આપવામા આવેલ છે. આરોપી તરફે રજુઆત છે કે સદર કેસ પેપર્સ જોતા આરોપીએ બનાવમા દારુ પીધેલ હાલતમા સદર કલમ–૮૫ (૧) મા જણાવેલ કોઈ કૃત્ય કરેલ હોય તેવી કોઈ હકીકત ફરીયાદ પક્ષ કેસ પેપર્સ જોતા રજુ કરી શકેલ જ નથી. આથી આરોપી સામે કલમ–૮૫(૧) હેઠળનો ગુનો બનતો હોવાનો કેસ ફરીયાદ પક્ષ રજુ કરી શકેલ જ નથી.

૨. આ તબકકે એકટ ની કલમ–૮૫(૧) ની જોગવાઈ ધ્યાને લેતા સદર કલમ નીચે પ્રમાણે છે.
કલમ– 85. Penalty for being drunk and for disorderly behavior (1) Whoever, in any street, thoroughfare, public place, in any place to which the public have or are permitted to have access, is drunk and creates nuisance, take up a quarel with any person, uses foul or abusive language indulges in fight with others, misbehaves with any woman or behaves obscenely, shall on conviction be, punished with imprisonment for a term which may extend to three years but which shall not be less than one year and with fine.

૩. હવે, ઉપરોકત કલમ–૮૫(૧) ની જોગવાઈધ્યાને લેતા જયારે કોઈ ઈસમ જાહેર જગ્યાએ કેફી પીણુ પીધેલલી હાલતમાં કઈ ન્યુસન્સ ક્રીએટ કરે અથવા તો ઝઘડો કરે કે અભદ્ર ભાષનો પ્રયોગ કરે અથવા તો મારા મારી મા સામેલ થાય અથવા તો કોઈ સ્ત્રી સાથે અસભ્ય વર્તન કરે અથવા અભદ્ર રીતે વર્તન કરે તો જ સદર કલમ હેઠળનો ગુનો બને છે. આમ સદર કલલમ –૮૫ (૧) હેઠળનો કેસ આરોપી સામે રજુ કરવા માટે ફરીયાદ પક્ષ ફકત આરોપી કેફી પીણુ પીધેલ હાલતમાં મળી આવેલ હોવાનો કેસ રજુ કરે તેટલુ પુરતુ નથી અને સાથે સાથે આરોપી સદર કલમ –૮૫ (૧) મા '' ઈઝ ડ્રીન્ક એન્ડ '' એ શબ્દો પછી'' સેલ ઓન કન્વીકશન શબ્દો વચ્ચે જણાવેલ કંત્યો પેકી ઓછામાં ઓછુ કોઈ એક કૃત્ય કરેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ હોવો જોઈએ. આ કામે ફરીયાદ પક્ષે આરોપી સામે રજુ રાખેલ મુ ફરીયાદ તથા ચાર્જશીટ સાથે રજુ રાખેલ તમામ મટીરીયલ ધ્યાને લેતા આરોપીએ બનાવ સમયે સદર કૃત્યો પેકી કોઈ એક પણ કૃત્ય કરેલ હોય તેવી કોઈ જ હીકકત સદર સમગ્ર ફરીયાદ તથા ચાર્જશીટ સાથે રજુ કરેલ સમગ્ર મટીરીયલ ધ્યાને લેતા તેમા કયાય પણ જણાવેલજ નથી. આમ, આ કામે ફરીયાદ પક્ષે આરોપી સામે સદર કલમ–૮૫(૧) હેઠઈનો કેસ રજુ કરેલ જ નથી. આમ આ કામે ફરીયાદ પક્ષે આરોપી સામે સદર કલમ–૮૫(૧) હેઠળનો કેસ રજુ કરેલ જ નથી.

૪. હવે, આ તબકકે સદર કાયદાની કલમ –૬૬ કે જે સદર કાયદામાં થયેલ ૨૦૧૬ ના સુધારા અગાઉ હતી તે નીચે મુજબ છે.
કલમ–૬૬ (સુધારા અગાઉની )
66.Penalty for illegal cultivation and collection of hemp and other matters (1) Whoever in contravention of the provisions of this Act, or of any rule, regulation or order made, or of any licence, permit, pass or authorization issued, thereunder- (a) xxx (b) consumes, uses, possesses or transports any intoxicant other than opium or hemp, (c) …(d) ... shall, on conviction, be punished-(i)for a first offence, with imprisonment for a term which may extend to six months and with fine which may extend to one thousand rupees (ii)…

હવે, સદર સુધારા દવારા સદર કલમ –૬૬ માંથી '' પઝેશીસ ઓર ટ્રન્સપોટસ '' શબ્દો ડીલીટ કરવામાં આવેલ છે અને '' કનસ્યુમ્સ ઓર યુસીસ'' શબ્દો રહેવા દેવામાં આવેલ છે. આથી દર સુધારો કરતી વખતે ધારા સભાનો હેતુ નવા કાયદા પ્ર માણે જયારે કોઈ વ્યકતી સામે ફકત કેફી પીણુ પીધેલ હાલતમાં મળી આવેલ હોવાનો કેસ હોય તો તે વ્યકતી ને સદર કલમ–૬૬(૧)(બી) હેઠળ આવરી લેવાનો સુધારો વંચાણે લેતા જણાય છે. આમ, ઉપરોકત તમામ ચર્ચાએ આરોપી વીરૂધ્ધ ફરીયાદ પક્ષે એકટની કલમ–૬૬(૧)(બી) ના ગુનાનો કેસ રજુ કરેલ છે. આથી આરોપી સામે સદર કલમ–૬૬ (૧)(બી) હેઠઈના ગુના બાબતે ની પ્લી નોધવામાં આવેલ છે.

૫. હવે સદર કલમ–૬૬(૧)(બી) માં ૨૦૧૬ ના વષ્રના સુધારા બાદ પણ સદર કલમ હેઠઈના પ્રથમ ગુના માટે છ માસ સધીની કેદ ની સજા અથવા રૂપીયા એક હજાર સુધીના દંડની જોગવાઈ છે. અને સદર સુધારા દવારા સદર કલમ હેઠળ પ્રથમ ગુના માટેની સજામાં કોઈ વધારો કરવામાં જ આવેલ નથી અને સદર કલમ હેઠળના બીજી વાર ના અથવા તે પછીના ગુના માટે ગુનેગારને થઈ શકતી સજાની જોગવાઈમાં વધારો કરવામાં આવેલ છે. અને બીજી વારના કે તે પછીના ગુના માટે ગુનેગારને બે વષૃ સુધીની અને ઓછામાં ઓછી છ માસ ની કેદની સજા અને રૂપીયા બે હજાર સુધીના દંડની સજાની જોગવાઈ કરવામાં આવેલ છે. આમ, સદર કલમ–૬૬(૧)(બી) હેઠળના ગુના બાબતે સદર સુધારા બાદ પણ જયા સુધી આરોપી નો પ્રથમ ગુનો હોય ત્યા સુધી સજાની જોગવાઈમાં કોઈ ફેરફાર જ થયેલ નથી. આમ, સદર કલમ–૬૬(૧)(બી) હેઠળ ના પ્રથમ ગુના માટે કાયદાકીય પરીસ્થીતી સદર ૨૦૧૬ ના વર્ષના સુધારા અગાઉ સજા બાબતે હતી તે જ પરીસ્થીતી ૨૦૧૬ ના સુધારા બાબદ પણ તે જ છે. આ કામે આરોપી સામે આ કલમ હેઠળનો અગાઉ કોઈ ગુનો સાબીત થયો હોય કે નોધાયો હોય તેવુ કોઈ મટીરીયલ ફરીયાદ પક્ષે રજુ કરેલ નથી. આરોપી પક્ષે રજુઆ છે કે આ તઓનો પ્રથમ ગુનો છે. આથી, આરોપીનો આ પ્રથમ ગુનો હોવાનું માનવા સીવાય આ અદાલત પાસે અન્ય કોઈ વીકલ્પ નથી.

૬. આરોપીએ તેની સામેનો સદર ગુનો કબુલ કરેલ છે અને આજરોજ આરોપીએ સ્વેચ્છાએ ગુના કબુલાત આપેલ છે અને આરોપી પક્ષે રજુઆત છે કે આ તેમનો પ્રથમ ગુનો છે. આરોપી પોતે ગરીબ છે અને આ પ્રકારનો ગુનો ભવિષ્યમા નહી કરે આરોપીએ આવેશમા સદર ગુનો કરેલ છે અને પોતાના કૃત્યથી કોઈ ને નુકસાન પહોચાડેલ નથી તેમ જણાવી સુધરવાની તક આપવા અરજ ગુજારેલ છે. આરોપી તરફે રજુઆત છે કે આરોપી એ બનાવમા કોઈ ને નુકસાન કરેલ હોય કે હેરાન ગતી કોઈ ત્પ્ર હીત પક્ષકારને કરેલ નથી. આરોપીને સજાની નહી પરંતુ ઈલાજની જરુર છે.

૭. આરોપીએ પોતાની સામેનો ગુનો કબુલ કરેલ છે. આરોપીની ગુના કબુલાત સાચી યાને સ્વૈચ્છીક હોવાનુ આરોપી ને પુછતા આરોપી એ જણાવેલ છે. ઉપરોકત તમામ બાબતો ધ્યાને લેતા આરોપીને સુધરવાની એક તક આપવા ના ઈરાદે ન્યાયના વિશાળ હીતમા નીચે મુજબનો છેવટનો આખરી હુકમ કરુ છુ.

**હુકમ**

ક્રિ.પો.કો.કલમ ૨૫૨ અન્વયે આરોપી ને ગુજરાત પ્રોહીબીશન એકટ, ૧૯૪૯ ની કલમ – ૬૬(૧) (બી) અનવયેના ગુનામા તકસીરવાન ઠરાવી રૂા.૧૦૦/– દંડ અને જો દંડ ના ભરે તો ૧૦ દીવસની સાદી કેદની સજા ભોગવવવાનો હુકમ કરવામા આવે છે. કલમ–૮૫ હેઠળનો કોઈ ગુનો બનતો ન હોય તે બાબતે કોઈ સજા કરવામા આવતી નથી. હુકમ આજરોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

તારીખ :– ૧૪/૦૩/૨૦૨૬
મુકામ :– એડી.સીવીલ કોર્ટ, ખેરાલુ

Addi. Chife Judi.Magi.
Kheralu

દંડ............./– અંકે રૂપિયા
...................પા.નં........
થી વસુલ આવેલ છે.
તા. / /૨૦ સુપ્રિ.